ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૭-૨૦૧૩, બુધવાર

તંત્રી સ્થાનેથી.....

ડાન્સ બારને અભયદાન
બાર-બાળાઓનું યૌન શોષણ અટકશે ખરું?

સર્વોચ્ચ અદાલતે મુંબઈના ડાન્સ બારો પર મહારાષ્ટ્ર સરકારે આઠ વર્ષ અગાઉ મૂકેલા પ્રતિબંધને રદ કરતા મુંબઈ હાઈકોર્ટના ચુકાદાને માન્ય રાખીને બાર-બાળાઓના નૃત્યકળાની અભિવ્યક્તિના અધિકારનો પુરસ્કાર કર્યો છે. અભિવ્યક્તિ એ દેશના બંધારણ દ્વારા નાગરિકને આપવામાં આવેલો મૂળભૂત અધિકાર છે. જ્યારે એવી અભિવ્યક્તિ નૈતિકતાનાં સ્વીકૃત ધોરણોની લક્ષ્મણરેખા ઓળંગી જાય ત્યારે એને અટકાવવાની રાજ્ય સરકારની ફરજ છે. પરંતુ ફક્ત એવી પૂર્વધારણાથી કે બારબાળાઓનો આવા નૃત્યગાનના ઓઠા હેઠળ અવળા ધંધા જ થતા હોય છે- કોઈપણ કલાકારને એના અભિવ્યક્તિના અધિકારથી વંચિત રાખી શકાય નહીં. બારબાળાઓનાં નાચગાન ઉપર નભતાં મહાનગરનાં રેસ્ટોરંટ પર સરકારી કોરડો વીંઝાતાં દેખીતી રીતે માઠી અસર થાય જ; વળી એ બેકાર થઈ ગયેલી નૃત્યાંગનાઓ પાસેથી આજીવિકાનું એકમાત્ર સ્ત્રોત છીનવાઈ જતાં એમને પણ પેટનો ખાડો પૂરવા વેશ્યાવૃત્તિ જેવા ગોબરા વ્યવસાયમાં જોતરાવું પડે. બારબાળાઓ નાચગાન કરીને મોટા માણસોનું મનોરંજન કરવાને બદલે છડેચોક ભરબજારે કોઠો સજાવીને બેસે એ સ્થિતિ તો આવકારદાયક ન જ ગણાય. પરંતુ ડાન્સબારના નામે છોકરીઓનું જાતીય શોષણ થતું હોવાના ઢગલાબંધ પુરાવા મળતાં રાજ્ય સરકારે ડાન્સબારો બંધ કરવા એવો નિર્ણય તમામ રાજકીય પક્ષો સાથે સંતલસ કરીને જ લીધો હતો. ૨૦૦૫ની સાલમાં સરકારે ડાન્સબાર પર પ્રતિબંધ મૂકતો કાયદો કર્યો તે પછી ૨૦૦૬માં મુંબઈની વડી અદાલતે ડાન્સબાર એ બોત્તેર હજાર જેટલી બારબાળાઓની આજીવિકા માટેનું સાધન હોઈ સરકારી પ્રતિબંધ ઉઠાવી લેવાનો હુકમ કર્યો હતો. આ છોકરીઓ એમના નાચગાનથી પેટિયું રળતી હોવાની દલીલ કરાઈ હતી. નૃત્યાંગનાઓ પરત્વે સરકાર બેવડાં ધોરણો અપનાવતી હોવાની પણ રજૂઆત થઈ હતી. ડાન્સબાર પર પ્રતિબંધ મૂકનારી રાજ્ય સરકાર વર્ષાન્તે યોજાતા ભવ્ય નૃત્ય સમારંભો પર કોઈ પ્રતિબંધ મૂકતી નથી. એક ગરીબ સ્ત્રી એના પરિવારના ભરણપોષણ માટે કાયદેસરનું લાયસંસ ધરાવતા મયખાનામાં દારૂ પીરસે અને નાચે એની સામે સરકારને વાંધો છે પણ પંચતારક હોટલોમાં અને ફાર્મહાઉસોમાં મલ્લિકા શેરાવત જેવી કરોડોમાં રમનારી નૃત્યાંગનાઓના અશ્લીલતાભર્યા નૃત્ય આખી આખી રાત લગી ચાલતાં રહે એની વિરુદ્ધ એ હરફ સરખો ઉચ્ચારવા તૈયાર નથી. સરકારના ઉચ્ચ પદાધિકારીઓ પોતે આવી મહેફિલો માણતા રહેતા હોય અને બીજી તરફ સરકાર અશ્લીલતાના બહાના હેઠળ ગરીબ યુવતીઓનું પેટિયું છીનવી લે એ ન્યાયસંગત ન જ ગણાય. ૨૦૦૬ના મુંબઈ હાઈકોર્ટના આ નિરીક્ષણથી ડાન્સબાર ફરી ધમધમતા થયા હતા, જે અટકાવવા રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. આખરે સુપ્રીમ કોર્ટે પણ રાજ્ય સરકારની વિરુદ્ધ હાઈકોર્ટ દ્વારા અપનાવાયેલા વલણને વળગી રહેવાનો નિર્ણય જાહેર કરતાં ડાન્સબારને ફરીથી જીવતદાન સાંપડ્યું છે. ૭૨,૦૦૦થી ૧,૦૦,૦૦૦ જેટલી બારબાળાઓ હવે રાહતનો શ્વાસ લઈ શકશે. પરંતુ શું ફરીવાર નવેસરથી પરમિટ લઈ શરૂ થનારાં નૃત્યાલયો અને મદિરાલયો નૈતિકતાનાં ન્યાયપાલિકાએ સૂચવેલાં ધોરણોને ચુસ્ત રીતે વળગી રહી શકશે? આવા ડાન્સબારોમાં કાયદા રક્ષણ હેઠળ છૂપો વ્યભિચાર નહીં ચાલે? આવા અનેક પ્રશ્નોનો જવાબ નથી તો ન્યાયપાલિકા પાસે કે નથી સરકાર પાસે. બેકાર થઈ ગયેલી બારબાળાઓ મજબૂરી વશ વેશ્યાગીરીના ઘૃણાસ્પદ ધંધામાં ધકેલાઈ રહેતી હોવાથી એમના વકીલની દલીલોમાં સુપ્રીમ કોર્ટને વજૂદ વસ્તાયું હશે ત્યારે જ એ વિદ્વાન ન્યાયમૂર્તિઓએ સરકારની રજૂઆત નજર અંદાજ કરીને વડી અદાલતના ચુકાદાને બહાલ રાખ્યો હશે. હજી વિગતવાર ચુકાદો આવવાનો બાકી છે, પરંતુ એમાં કોર્ટના કેટલાક કડક નિર્દેશો હશે, જેનું ડાન્સબાર ચલાવતાં રેસ્ટોરન્ટોએ અક્ષરશ: પાલન કરવું પડશે. હવે રાજ્ય સરકારની ફરજ બને છે કે આવા ડાન્સબારો પર બરાબર ઝીણી નજર રાખે. ત્યાં નાચગાનના ઓઠા હેઠળ દેહની હાટડીઓ ન મંડાય તે જોવાની પહેલી ફરજ સંબંધિત રેસ્ટોરંટની રહે છે. આવાં રેસ્ટોરંટ એમને રાજ્ય સરકારે કાયદા મુજબ આપેલી પરવાનગી મુજબ નિશ્ચિત સમયે બંધ થાય એનું પણ ધ્યાન રખાવું ઘટે. સામાન્ય રીતે આવા ધંધા પોલીસ અને બારમાલિકોની સૂંઢવથી જ ચાલતા હોય છે. પોલીસને જાડી રકમના હપ્તા ચૂકવતાં રેસ્ટોરન્ટ કમાણી વધારવા માટે કાયદાની ઐસી તૈસી કરતા રહે છે. રાજ્ય સરકારના હાથ હેઠા પડતાં હવે 'ગાંધીવેદનું સહિયારું' પૂરબહાર ચાલુ ન થઈ જાય તો જ નવાઈ.

પોલીસ અને મિડીયા વિષયે એક દિવસીય પરિસંવાદ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર રેન્જ પોલીસ અને ગુજરાત ેસ અકાદમીના સંયુક્ત ઉપક્રમે આજરોજ સુરક્ષા સેતુ ોજેકટ અંતર્ગત ઈફેકિટવ કોમ્યુનિકેશન- પોલીસ અને મીડિયા વિષયનો એક દિવસીય પરિસંવાદ વન સંશોધન સંકુલ, ગાંધીનગર ખાતે યોજાયો હતો. આ પરિસંવાદ ગૃહ વિભાગના અગ્ર સચિવ શ્રી ડી. એસ.કે. નંદા, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક -વૃત વિભાગના સચિવ અને માહિતી કમિશનર શ્રી ભાગ્યેશ જહા અને રેન્જ આઈ.જી શ્રી શમશેરસિંગની ઉપસ્થિતમાં યોજાયો હતો. આ -સંગે ગૃહ વિભાગના અગ્ર સચિવ શ્રી ડી. એસ.કે.નંદાએ રામાયણના -સંગનું દષ્ટાંત આપીને ભગવાન મારૃતિ નંદનને કોમ્યુનિકેશનના -ખર કહયા હતા. ન્વિન્શન, ગાઈડ, એટેક અને વોચ આ ચાર વાત મીડિયા અને પોલીસ વચ્ચે સમાન છે, તેવું કહીને પોલીસના મિત્રોને મીડિયા સાથે વાત કરતા પહેલા જે તે કેસની સ્પષ્ટ અને સંપૂર્ણ માહિતી હોવી ખૂબ જ જરૂરી છે, તેની સાથે સાથે સત્ય વિગત આપવી અને સ્વચ્છ મને વાત કરવાની વાત પર પણ ખાસ ભાર મુકયો હતો. મહાત્મા ગાંધીને યાદ કરીને તેમણે આઝાદીના સમયે મોબાઈલ, ટેલિફોન, ફેસબુક જેવા કોમ્યુનિકેશનના સાધનો ન હતા. પરંતુ માત્ર ન્ટિ મીડિયા કે અન્ય રીતે કોમ્યુનિકેશન કરવામાં આવતું હતું. હમેંશા સમાજમાં કંઈક સારું કરવાની દિશામાં જ પોલીસ અને મીડિયા કામ કરે છે. તેમણે ટુંક સમયમાં આરંભ થનાર ગૃહ વિભાગની ફેસબુકની વાત કરીને તેની વિસ્તૃત માહિતી આપી હતી. માહિતી કમિશનર શ્રી ભાગ્યેશ જહાએ જણાવ્યું હતું કે, ટેકનોલોજીના કારણે આજે મીડિયા મેનેજમેન્ટમાં આમુલ પરિવર્તન આવ્યું છે. પહેલા લોકો સુધી અન્ય દેશ કે રાજયના સમાચાર પહોંચતા એક દિવસ લાગતો હતો. આજે મિનિટોમાં માહિતીની આપ લે થાય છે. પોલીસના મિત્રોને મીડિયા સાથે અસરકારક કોમ્યુનિકેશન કરવા માટે મીડિયાનો પોઈન્ટ ઓફ વ્યુ જાણવાની વાત ભાર પૂર્વક કહી હતી. વર્તમાન વિશ્વમાં કોમ્યુનિકેશન કરવા માટે પોલીસ મિત્રોને ટેકનોલોજી અને કોમ્યુનિકેશનનું મિશ્રણ કરવાની વાત દષ્ટોંત રૂપ કરી હતી. પોલીસ અધિકારીઓને ગુનાહિત -વૃતિ કરતા લોકોથી વધુ સ્માર્ટ બનવા -ચેત્ર કરવા પણ કહ્યું હતું. ગાંધીનગર રેન્જ આઈ.જી શ્રી સમશેરસિંહે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને જણાવ્યું હતું કે, સંકલન ન રહે તો કોમ્યુનિકેશન યોગ્ય થતું નથી. જેથી ઘણી વાર મુશ્કેલીઓ સર્જોય છે. મીડિયાની કામગીરી કરવામાં આવેલ પરિવર્તનની વાત કરીને સોશ્યલ મીડિયાની વિસ્તૃત વાત કરી હતી. તેમણે નવા મીડિયા સાથે પોલીસ અધિકારીઓને કેવી રીતે કોમ્યુનિકેશન કરવું તેની પણ રસ-દ વાત કરી હતી. ેસ અને પોલીસ વચ્ચે રહેલ સમાનતાની વાત કરતા કહ્યું હતું કે, આ બન્ને તપાસ કરીને સાચી વાત -જા સુધી પહોચાડે છે.

જો, આપણા પ્રધાનમંત્રી મોંઘવારી ઘટાડવા માટે છેલ્લા ઉપાય તરીકે સંગીત વગાડતા લાગે છે...!!!

બી.બી.એ. કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓ વિવિધ કાર્યક્રમોમાં જોડાયા

ગાંધીનગર, તા.૧૬

વન વિભાગ ગાંધીનગર દ્વારા 'વૃક્ષ યાત્રા' કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. વૃક્ષ યાત્રામાં બી.પી. કોલેજ ઓફ બિઝેસ એડમિનીસ્ટ્રેશન બી.બી.એ.ના ૧૨૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિદ્યાર્થીઓએ ગાંધીનગરમાં પ્રજાજનોને વિવિધ છોડવાઓની વહેંચણી કરી હતી.

બી.બી.એ. કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓએ 'ગાંધીનગર સાહિત્ય સભા' અને 'ગુજરાત પ્રેસ અકાદમી'ના સંયુકત ઉપક્રમે યોજાયેલા 'ગુજરાતી લેખનનાં બે પાસા : સાહિત્ય અને પત્રકારત્વ' વિષય પરના પરિસંવાદમાં ભાગ લીધો હતો. ૨૦૦ વિદ્યાર્થીઓએ સમગ્ર કાર્યક્રમ રસપૂર્વક માણ્યો હતો.

કોલેજના વિદ્યાર્થીઓને વિવિધ કાર્યક્રમોમાં પ્રો-માર્ગી દેસાઈ અને પ્રો. નીરવ જોષી તેમજ ધર્મેન્દ્રભાઈ રાઠોડના નેતૃત્વ હેઠળ લાવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં આચાર્ય ડૉ. રમાકાન્તભાઈનું યોગ્ય માર્ગદર્શન યોજાયું હતું.

ગાંધીનગરમાં ૧૯મીએ 'વીજળી લખે કંકોત્રી' ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૬

રમતગમત યુવા સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ વિભાગની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના ઉપક્રમે સંસ્કૃતિ સંસ્થા ગાંધીનગરના સહયોગથી વરસાદના વધામણા રૂપે 'વીજળી લખે કંકોત્રી' તા. ૧૯ જુલાઈ રાત્રે નવ કલાકે ટાઉનહોલમાં યોજાશે. દિમી દેસાઈ, અમીત ઠક્કર, કુ.મોસમ અને કુ. મલકા, મિહિર જાની કલાકારો કાર્યક્રમ આપશે.

રમેશ પટેલ પ્રમુખ સંસ્કૃતિ ગાંધીનગર ડૉ. પ્રદિપ આઝાદ સચિવ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીએ જણાવેલ છે.

એ. એમ. એ. દ્વારા પ્રકાશિત પુસ્તકનું ૧૯મીએ વી. એસ. ગઢવીના હસ્તે લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૬

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા મને એ જ સમજાતું નથી... ધી પેરાડોક્સ ઓફ ધીઝ એજ, પુસ્તક પ્રકાશિત કરાયું છે. રાજ્ય માહિતી આયોગ (આર.ટી.આઈ)ના કમિશનર અને નિવૃત્ત સનદી અધિકારીશ્રી વી.એસ. ગઢવી તારીખ ૧૯મી જુલાઈને શુક્રવારે સાંજે ૬.૩૦ કલાકે એ.એમ.એ. હોલ, અમદાવાદ ખાતે આ પુસ્તકનું લોકાપર્ણ અને ઉદ્‌બોધન કરશે.

બાળકો, તરૂણો અને યુવાનોને અત્યંત ઉપયોગી એવું આ પુસ્તક ડૉ. વીરબાળા ર. ઉમરાજવાલા અને શ્રી હિરેન વકીલે લખ્યું છે. આ વિષયમાં રસ ધરાવતા નાગરિકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન તરફથી જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

કડી પી.ટી.સી. કોલેજમાં વિશ્વ વસતિ દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત એસ.વી. પી.ટી.સી. કોલેજ કડીમાં વિશ્વ વસતિ દિનની ઉજવણી કરવામાં આવી હતી.

વિશ્વ વસતિ દિન નિમિત્તે કડી એસ.વી. પી.ટી.સી. કોલેજમાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વધતી જતી વસતિ, તેનાથી ઉભી થતી સમસ્યાઓ, બેકારી, રોટી, કપડા, મકાન, શિક્ષણ વગેરે મુદ્દા ઉપર પોતાના વિચારો વિદ્યાર્થીઓએ રજૂ કર્યા હતાં.

સ્પર્ધામાં વિષ્ણુભાઈ દોમડાએ પ્રથમ નંબર, હિનાબેન વાળંદે દ્વિતીય નંબર અને અવનિકાબેન શ્રીમાળીએ તૃતીય નંબર મેળવ્યો હતો. સંસ્થા પરિવાર દ્વારા વિજેતા તાલીમાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

એમબી પટેલ સ્કૂલમાં સ્કાઉટ એન્ડ ગાઈડની પ્રવૃત્તિનું ઉદ્‌ઘાટન યોજાયું

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ ખાતે કાર્યરત એમ બી પટેલ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલમાં તાજેતરમાં સ્કાઉટ એન્ડ ગાઈડની આ વર્ષની પ્રવૃત્તિનો ઉદ્‌ઘાટન સમારોહ કેમ્પસ ડિરેક્ટર સોમભાઈ પટેલની પ્રમુખપદે યોજાઈ ગયો. શાળામાં પ્રવૃત્તિના અગ્રેસર મણિબેન દેસાઈના હસ્તે આ પ્રવૃત્તિનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે હેતુસર વિદ્યાર્થીઓને શાળા દ્વારા વિવિધ પ્રવૃત્તિઓમાં જોડવામાં આવે છે. ઉદ્‌ઘાટન સમારોહ પ્રસંગે શાળાની પ્રવૃત્તિઓને બિરદાવતાં સોમભાઈ પટેલે જણાવ્યું હતું કે સારી શાળાઓ જ આવી પ્રવૃત્તિઓ કરે છે.

આ પ્રસંગે ગાઈડ માટે ડૉ. વર્ષા પારેખ અને સ્કાઉટ માટે નદીમની નિમણૂંક કરવામાં આવી હતી. પ્રિન્સીપાલ અર્પિત ક્રિશ્ચિયન, શૂપર્ણા મુખરજી, મોનિકા બિજલાની અને યોગેન્દ્ર ચૌહાણે આ પ્રસંગે હાજરી આપી કાર્યક્રમને ઓપાવ્યો હતો.

આર.સી. પટેલ સ્કૂલમાં ફાયર સેફટી અવેરનેસ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરની આર.સી. પટેલ સ્કૂલમાં તાજેતરમાં 'સ્કૂલ ફાયર સેફટી અવેરનેસ ટ્રેનિંગ' કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને આગ લાગે ત્યારે શું કરવું જોઈએ તથા આગને કેવી રીતે ઝડપથી બુઝાવી શકાય તે અંગેનું સુંદર માર્ગદર્શન આપ્યું હતું.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ દ્વારા 'સ્કૂલ ફાયર સેફટી અવેરનેસ ટ્રેનિંગ' કાર્યક્રમ યોજાઈ ગયો. ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય અશોકભાઈ તેમજ ગીફટ સીટી ગાંધીનગરના ફાયર સેફટી ઓફિસર એસ.બી. જાડેજા તેમજ જિલ્લા પ્રોજેકટ ઓફિસર વર્ષાબેન પટેલ તથા હર્ષદભાઈ પટેલ, એડવોકેટ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓને ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત ફાયર સેફટી અંગે એસ.બી. જાડેજાએ ખૂબ જ સુંદર માહિતી આપી હતી. તેમજ આગે લાગે ત્યારે શું કરવું? આગને કેવી રીતે બુઝાવી શકાય? તેનું નિદર્શન પણ શાળાના વિદ્યાર્થીઓને બતાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાળાના આચાર્ય અને શિક્ષકો પણ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષક ડૉ. અરવિંદભાઈ પટેલે કર્યું હતું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સભ્યોની તા. ૨૦મીએ ચૂંટણી

ગાંધીનગર, તા. ૧૬

આથી ગાંધીનગર જિલ્લાની સરકારી ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલતશ્રીઓ, આચાર્યો, શિક્ષકો, બિન શૈક્ષણિક કર્મચારીઓને જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના જુદા જુદા સંવર્ગાતા સભ્યોની ચૂંટણી તા. ૨૦મી જુલાઈના રોજ યોજાનાર છે.

આ ચૂંટણી માટે વિવિધ સંવર્ગવાર મતદાન મથક નીચે મુજબ રહેશે.

મતદાનનું સ્થળ: મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેકટર- ૧૬, ગાંધીનગર

સંવર્ગ : (૧) ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની નોંધાયેલ માધ્યમિક શાળાઓના આચાર્યનો મત વિભાગ (પત્રક-૧)

(૨) નોંધાયેલ ઉત્તર બુનિયાદી શાળઆઓના આચાર્યનો મત વિભાગ (પત્રક-૨)

(૩) ઉત્તર બુનિયાદી શાળામાં સિવાયની નોંધાયેલ માધ્યમિક શાળાઓના શિક્ષકોનો મત વિભાગ (પત્રક-૩)

(૪) સરકારી માધ્યમિક શાળાઓના અને ઉ.મા. શાળાના શિક્ષકોને મતવિભાગ (પત્રક-૮)

મતદાન સ્થળ : સ્વામી વિવેકાનંદ વિહાર સેકટર-૧૨, ગાંધીનગર

સંવર્ગ : (૧) નોંધાયેલ ખાનગી માધ્યમિક શાળાઓ બિન શૈક્ષણિક કર્મચારીઓનો મતવિભાગ (પત્રક-૬)

(૨) નોંધાયેલ માધ્યમિક અને ઉ.મા. શાળાઓના બિન શૈ. કર્મચારીઓનો મત વિભાગ (પત્રક-૬ અ)

(૩) નોંધાયેલ માધ્યમિક અને ઉ.મા. શાળાઓના સંચાલક મંડળનો વિભાગ (પત્રક-૭)

(૪) નોંધાયેલ બિનસરકારી ઉ.મા. શાળાઓના શૈ. કર્મચારીઓનો મતવિભાગ (પત્રક-૧૦)

મેકોલેના દસ્તાવેજમાં કોરાયો ગુલામીનો વજ્જરઘાત

ચિંતન સભા

- પ્રા. ડૉ. રાકેશ પટેલ

જેણે આપણી ગુલામીનો દસ્તાવેજ લખ્યો. (www.http://geekheads.blogspot.com/2008/01/lord-macaulays-address-to-british.html) તે મેકોલેએ ૦૨ ફેબ્રુઆરી ૧૮૩૫ માં બ્રિટીશ પાર્લામેન્ટમાં શું કહ્યું કે કઠણ હૃદયે સાંભળો : 'મેં ભારત દેશના ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમનાં વિસ્તીર્ણ વિસ્તારોનું પરિભ્રમણ કર્યૂ છે. આ દેશ એટલો સમૃદ્ધ છે અને તેની પ્રજાનું નૈતિક મૂલ્યોનું સ્તર એટલું ઊંચું છે કે મેં દેશમાં કોઇ નાગરિક એવો ન જોયો કે જે ભિક્ષુક હોય કે ચોર હોય. હું નથી ધારતો કે આવા ઉત્કૃષ્ટ નૈતિક મૂલ્યવાન દેશને આપણે કચારેય પણ જીતી શકીએ, સિવાય કે આ દેશની આધ્યાત્મિકતા અને સાંસ્કૃતિક વારસો કે જે રાષ્ટ્રની કરોડરજ્જુ સમાન છે તેનો આપણે નાશ કરી શકીએ.'

તે આગળ કહે છે. "અને આથી હું દરખાસ્ત કરૂં છું કે, આપણે તેની ગૌરવલક્ષી સદીઓ પુરાણી પ્રાચીન અને તેની સાંસ્કૃતિક પ્રથાઓને મૂળથી જ બદલીએ કે જેના પરિણામે હિન્દુસ્તાનીઓ માનતા થાય કે જે કંઇ વિદેશી અને ઇંગ્લીશ છે તે તેમના કરતાં વિશેષ સારૂ છે તથા મહાન છે અને આ કારણે તેઓ પોતાની ઓળખ અને આત્મગૌરવ ગુમાવશે. પોતાની નિજી સાંસ્કૃતિક સ્વરૂપો ગુમાવશે અને તેઓ એવા નાગરિકો બની જશે કે જેવા આપણે તેમને ઇચ્છીએ છીએ. એટલે કે (કાળા અંગ્રેજો - સ્વૈચ્છિક ગુલામો) અને ખરા અર્થમાં આપણાં આધિપત્યવાળું ગુલામ રાષ્ટ્ર બની રહેશે."

ભારતમાં વિજ્ઞાનની પરંપરા વિષે અનેક સંસ્થાઓ કામ કરી રહી છે જેમાં મુખ્ય છે, 'ભારત જ્ઞાન' સંસ્થા જેના ડાયરેકટર ડી.કે. હરિ-બેંગ્લોર, સંસ્કૃત ભારતી, જેના દ્વારા 'પ્રાઇડ ઓફ ઇન્ડિયા' અને 'કંટ્રીબ્યુશન ઓફ ઇન્ડિયા' જેવા ગ્રંથો પ્રકાશિત થયેલ છે. વિજ્ઞાન ભારતી, વિવેકાનંદ કેન્દ્ર અને કલ્યાણના અંકોમાં આ વિષયે માહિતી પ્રગટ થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ભારતીય વિજ્ઞાન પરંપરાને વ્યાખ્યાન રૂપે પહોંચાડનાર હસમુખ જાદવ, (વડોદરા) વિજ્ઞાનવાહક બની નવી પેઢીને માહિતી આપે છે.

ભારતે અનેક ક્ષેત્રમાં પોતાનું આધિપત્ય સ્થાપિત કર્યું હતું, જેમાં ખગોળશાસ્ત્રી, ગણિતશાસ્ત્રી, ધાતુશાસ્ત્ર, વાઢકાપ, પ્રાણીશાસ્ત્ર, ભૂશાસ્ત્ર, ભૂમિતી, વિમાનવિદ્યા જેવા અસંખ્ય વિષયોનું વિસ્તૃત વર્ણન આજે પણ પ્રાપ્ય છે. એટલું જ નહીં કલા, સંગીત, સાહિત્ય, નૃત્યશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, વ્યવસ્થાપનશાસ્ત્ર, સ્થાપત્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાન,



LORD MACAULAY'S ADDRESS TO THE BRITISH PARLIAMENT 2 FEBRUARY, 1835

"I have travelled across the length and breadth of India and I have not seen one person who is a beggar, who is a thief, such wealth I have seen in this country, such high moral values, people of such caliber, that I do not think we would ever conquer this country, unless we break the very backbone of this nation, which is her spiritual and cultural heritage, and, therefore, I propose that we replace her old and ancient education system, her culture, for if the Indians think that all that is foreign and English is good and greater than their own, they will lose their self-esteem, their native culture and they will become what we want them, a truly dominated nation."

અણુવિજ્ઞાન, વિદ્યુતશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, તંત્રજ્ઞાન વગેરે સંસ્કૃતના વિજ્ઞાનસભર સાહિત્યમાં જોવા મળે છે.

જેમ કે વિવિધ ધાતુઓ ઉપયોગ પ્રાચીન ભારતમાં જોવા મળે છે 'હિરણ્યં ચ મે અય ચ મે ત્રપુ ચ મે શ્યામં ચ મે લોહં ચ મે.' (કૃષ્ણ. યજુર્વેદ. ૪-૭-૫) મને સોનું, તાંબુ, સીસુ તથા લોખંડ જોઇએ. વેદ, રામાયણ, મહાભારત, પુરાણો તથા ઉપનિષદોમાં સોનું, ચાંદી, લોખંડ, ટિન, સીસુ, તાંબુ તથા કાંસુ વગેરે ધાતુનો ઉલ્લેખ જોવા મળે છે. ચરક, સુશ્રુત, નાગાર્જુન જેવા વિજ્ઞાનીઓએ અને દૃષ્ટાઓએ સોનું, ચાંદી, તાંબુ, લોખંડ, અબરખ તથા પારા જેવી ધાતુઓમાંથી દવાઓ બનાવવાનો વિધિ વિસ્તારથી વર્ણવ્યો છે.

રેકોર્ડ અને સંદર્ભ સાહિત્ય આંગળી ચીંધતા કહે છે કે, ભારતનો ધાતુ વ્યાપાર યુરોપ, ચીન, આરબ દેશો, ઇજીપ્ત અને રોમ સાથે ગણનાપાત્ર હતો. ભારતીય લોખંડ તથા સ્ટીલમાંથી બનતાં ઓજારોની યુદ્ધ તથા કલાક્ષેત્રે ભારે માંગ હતી. ભારતીય કારીગરો ૧૮૦૦ સદી સુધી કાર્બન યુક્ત (www.materials.iisc.ernet.in/~wootz/heritage/WOOTZ, www.archay.eologabout.com/od/wterms/g/wootz.htm, Woots is formed using a crucible to melt, burn away impurities and add inpotant ingredients, and it contains a high carbon contect, nearly 1.5%) બનાવવામાં માહેર હતા. જેમાંથી પ્રખ્યાત 'દમસ્કસ તલવાર' (www.en.wikipedia.org/wiki/damascus_steel) બનાવી હતી. ૧૮૦૦ સદીમાં યુરોપીયન ધાતુ વૈજ્ઞાનિકોએ ભારતીય ઇસ્પાત (લોખંડ) બનાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેમાં નિષ્ફળતા મળી. વૈજ્ઞાનિક માઇકલ ફેરાડે એ પણ પ્રયત્ન કર્યો, જેમાં તેને નિષ્ફળતા મળી.

'Indian Science and Technology in the Eighteenth Century' નામના ધર્મપાલજીના પુસ્તકમાં યુરોપીયન લોકોએ આપેલ પ્રગતીશીલ લોખંડ ઉદ્યોગનાં પ્રમાણનો ઉલ્લેખ જોવા મળે છે. ૧૮૯૫ સપ્ટેમ્બરમાં ડો. બેન્જામીન હાયને ઇસ્ટ ઇન્ડિયા કંપનીને એક રિપોર્ટ મોકલ્યા હતો. આ રિપોર્ટ પ્રમાણે રામનાથ પેઠ નામનાં એક સુંદર ગામનો ઉલ્લેખ આવે છે. ડો. બેન્જામીનના રિપોર્ટ પ્રમાણે 'આ ગામની આસપાસ લોખંડની ખાણો આવેલ છે તથા ૪૦ લોખંડની ભઠ્ઠીઓ આવેલ છે. ખર્ચ બાદ કરતાં તે લોખંડની કિંમત રા. ૦૨ પ્રતિ મણ આવે છે. આ વિશે કંપનીએ વિચારવું જોઇએ.' એવું લખેલ હતું. મેજર જેમ્સ ફ્રેંકલીને મધ્ય ભારતમાં આવેલ લોખંડ નિર્માણ વિશે લખેલ છે. તેમનું આ નિરીક્ષણ ૩૦ એપ્રીલ ૧૮૨૭ થી ૬ જૂન ૧૮૨૭ સુધીનું છે. જેમાં જબલપુર, પન્ના તથા સાગરનો ઉલ્લેખ આવે છે. આ ગામોની આસપાસ લોખંડની ખાણો આવેલ છે તથ લોખંડ બનાવવાંની પ્રક્રિયાનો ઉલ્લેખ કરેલ છે તે લખે છે કે 'સ્વિડન કરતાં ભારતનું લોખંડ શ્રેષ્ઠ છે. એક મણ લોખંડની કિંમત ૩૧.૩ આના છે.' લાકડાનો કોલસો તેમાં વપરાય છે, ભઠ્ઠીનું વર્ણન, કાચા લોખંડને શુદ્ધ કરવાની પ્રક્રિયા, ભઠ્ઠીમાંથી ઉત્પન્ન થતો લોખંડનો જથ્થો તથા તેની ગુણવત્તા વિશે મુક્તકંઠે પ્રશંસા કરી છે. ૧૮૪૨ નો જે.કેમ્પબેલનો રીપોર્ટ ધ્યાનાકર્ષક છે. આ નોંધમાં લખે છે કે 'દક્ષિણ ભારતમાં હજારો નાની નાની લોખંડ બનાવતી ભઠ્ઠીઓ હતી. એક ભઠ્ઠીમાં નવ જણને રોજગાર મળતો હતો. આ લોકો ઉત્કૃષ્ઠ પ્રકારનું ઇસ્પાત બનાવે છે. ઇંગ્લેન્ડનું ઉત્તમ લોખંડ પણ ભારતનાં હલકાં લોખંડની તુલનામાં આવે તેમ નથી. આ લોખંડ સસ્તુ અને સારી ગુણવત્તાવાળુ છે જે અન્ય કોઇ દેશમાં શક્ય નથી.'

અમે વિફલતાના વણઝારા,
અમે ખોટ ના કશી ગણનારા
વાટમાં આવે રેત, તો એને ગૂંજે ઘાલી દઇએ,
વન આખાની લીલપણ અમે રણમાં વેરી દઇએ

- લાલજી કાનપરિયા

('અર્ધી સદીની વાચનયાત્રા'માંથી સાભાર)

(ક્રમશઃ)